રજૂ તારીખ : ૨૯–૦૪–૨૦૧૭
દાખલ તારીખ : ૨૯–૦૪–૨૦૧૭
ફેંસલ તારીખ : ૨૮–૦૨–૨૦૨૫

| અવધિ: | વર્ષ | માસ | દિન |
|---|---|---|---|
| | | | |

## અમદાવાદ શહેરના અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં
## મુ.અમદાવાદ, અદાલત નં.૪ સમક્ષ.

સેશન્સ કેસ નં.૨૧૩/૨૦૧૭

આંક–

## FORM–A

| એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશનઃ– | વટવા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર સે.ગુ.રજી.નં.૩૧૦૪/૨૦૧૦ |
| ગુનોઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબનો. |
| તહોમતનામા મુજબ તહોમતઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ. |
| ફરીયાદીઃ– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) (મુળ ફરિયાદીઃ–ભોગબનનાર પોતે) |
| વિ.એપીપીશ્રીઃ– | શ્રીમતી એમ.યુ.ભટ્ટ |
| આરોપીઃ– | સુમનકુમારસિંહ પંકજપ્રસાદસિંહ ચૌહાણ (રાજપુત) |
| આરોપી તરફે વિ.વ.શ્રીઃ– | એચ.એન.પાટીલ |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | તા.૦૬–૦૫–૨૦૧૦ ના રોજ ૧૮–૩૦ વાગે. |
| ફરીયાદની તારીખઃ– | તા.૨૨–૦૫–૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખઃ– | તા.૨૪–૧૧–૨૦૧૦ |

| | |
|---|---|
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | તા.૦૧–૦૧–૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | તા.૨૯–૦૬–૨૦૨૨ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ– | |
| ચુકાદાની તારીખઃ– | તા.૨૮.૦૨.૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો, | – |

**સેશન્સ કેસ નં.૨૫૮/૨૦૨૦**

## FORM–A

| એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશનઃ– | વટવા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર<br>સે.ગુ.રજી.નં.૩૧૦૪/૨૦૧૦ |
| ગુનોઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબનો. |
| તહોમતનામા મુજબ તહોમતઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ. |
| ફરીયાદીઃ– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદીઃ–ભોગબનનાર પોતે) |
| વિ.એપીપીશ્રીઃ– | શ્રીમતી એમ.યુ.ભટ્ટ |
| આરોપીઓઃ– | ૧)પપ્પુસીંગ રામાનંદસીંગ રાજપુત<br>ઉ.વ.૪૫, રહે.પાસીના મકાનમાં, વાંદરાવટ તળાવ પાસે, વટવા, અમદાવાદ, મુળ રહે. મહુગાય, તા.સોનો. જી.જમોઈ, બિહાર<br>૨) મિથીલેશ ઉર્ફે બુલ્લુ બાસ્કીસીંગ ચૌહાણ<br>ઉ.વ.આ.૨૭, રહે.કાંતાપ્રસાદ ના પાસેના મકાનમાં, રાજીવનગર, પીડી પંડયા કોલેજ રોડ, વટવા, અમદાવાદ, મુળ રહે.પદમપુર, |

| | |
|---|---|
| | તા.સાતર થાના કુંડા, દેવગર, ઝારખંડ<br>૩) સંજયસીંગ હિદયસીંગ રાજપુત, ઉં.વ.આ.૪૦, રહે.રામપ્રવેશસીંગના મકાનમાં, વાંદરાવટ તળાવ પાસે, વટવા, અમદાવાદ. મુળ રહે.પદમપુર, તા.સાતર થાના કુંડા, જી.દેવગર |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રીઃ– | એસ.યુ.પટેલ |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | તા.૦૬–૦૫–૨૦૧૦ ના રોજ ૧૮–૩૦ વાગે. |
| ફરીયાદની તારીખઃ– | તા.૨૨ –૦૫–૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખઃ– | તા.૦૪–૦૨–૨૦૧૯ |
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | તા.૦૧–૦૧–૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | તા.૨૯–૦૬–૨૦૨૨ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ– | |
| ચુકાદાની તારીખઃ– | તા.૨૮.૦૨.૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો, | |

**સેશન્સ કેસ નં.૨૫૯/૨૦૨૦**

## FORM–A

| એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશનઃ– | વટવા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર<br>સે.ગુ.રજી.નં.૩૧૦૪/૨૦૧૦ |
| ગુનોઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(૪), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબનો. |

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમતઃ– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ. |
| ફરીયાદીઃ– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદીઃ–ભોગબનનાર પોતે) |
| વિ.એપીપીશ્રીઃ– | શ્રીમતી એમ.યુ.ભટ્ટ |
| આરોપીઃ– | દિલીપ રામજશ પાશી, ઉ.વ.૨૫, રહે.રાજાભાઈની ચાલી, શંકર ભગવાનના મંદિર પાસે, કેડીલા બ્રીજની પાસે, ઘોડાસર, ઈસનપુર, અમદાવાદ. મુળ રહે.–મડવા, તા.મુસાફીરખાના, થાના જગદીશપુર, જી.અમેઠી |
| આરોપી તરફે વિ.વ.શ્રીઃ– | એસ.યુ.પટેલ |

**FORM–B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | તા.૦૬–૦૫–૨૦૧૦ ના રોજ ૧૮–૩૦ વાગે. |
| ફરીયાદની તારીખઃ– | તા.૨૨ –૦૫–૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખઃ– | તા.૦૪–૦૨–૨૦૧૯ |
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | તા.૦૧–૦૧–૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | તા.૨૯–૦૬–૨૦૨૨ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ– | |
| ચુકાદાની તારીખઃ– | તા.૨૮.૦૨.૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો, | |

**આરોપીઓની વિગતઃ–**

**<u>સે.કે.૨૧૩/૨૦૧૭</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત | કયા ગુનાનો આક્ષેપ | નિર્દોષ છોડવામાં | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ– |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | કરવામાં આવેલ હોય તો તેની વિગત | છે? | આવ્યા કે કસુરવાર ? | | ૪૨૮ મુજબના સમયગાળાની વિગત. |
| ૧. | સુમનકુમાર સિંહ પંકજપ્રસાદસિંહ ચૌહાણ (રાજપુત) | ૨૩–૦૯–૨૦૧૦ | ૨૯–૧૦–૨૦૧૦ | ભા.દં.સં.ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) | નિર્દોષ | | |

## સે.કે.નાં.૨૫૮/૨૦૨૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧.પપ્પુસીંગ રામાનંદસીંગ રાજપુત | ૧૮–૦૧–૨૦૧૯ | ૦૮–૦૨–૨૦૧૯ | ઉપર મુજબ | નિર્દોષ | | |
| ૨. | ૨. મિથીલેશ ઉર્ફે બુલ્લુ બાસ્કીસીંગ ચૌહાણ | ૧૮–૦૧–૨૦૧૯ | ૦૮–૦૨–૨૦૧૯ | ઉપર મુજબ | નિર્દોષ | | |
| ૩. | ૩.સંજયસીંગ હિદયસીંગ રાજપુત, | ૧૮–૦૧–૨૦૧૯ | ૦૮–૦૨–૨૦૧૯ | ઉપર મુજબ | નિર્દોષ | | |

## સે.કે.નાં.૨૫૯/૨૦૨૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિલીપ રામજશ પાશી | ૦૯–૦૮–૨૦૧૭ | ૨૯–૦૮–૨૦૧૭ | ઉપર મુજબ | | | |

# FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

## (એ) ફરીયાદપક્ષ તરફે

ફરીયાદપક્ષનો મૌખિક પુરાવા

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગબનનાર | ભોગબનનાર | ૩૯ |
| ૨. | પટેલ શૈલેષભાઈ | ભોગબનનારની શાળાના સીનીયર કલાર્ક | ૪૮ |
| ૩. | ડો.રામલખન બરનવાલ | ભોગબનનારની ચકાસણી કરનાર મેડીકલ ઓફીસર | ૫૩ |
| ૪. | ડો.પુર્વી શીતલગીરી ગોસ્વામી | આરોપીની ચકાસણી કરનાર મેડીકલ ઓફીસર | ૫૬ |
| ૫. | શેખ અકબરહુસેન અલ્તાફહુસેન | ભોગબનનારના મેડીકલ નમુના કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૬૩ |
| ૬. | ભોગબનનારના પિતા | ભોગબનનારના પિતા | ૧૦૮ |
| ૭. | ભોગબનનારના ભાભી | ભોગબનનારના ભાભી | ૧૦૯ |
| ૮. | બળદેવભાઈ લવજીભાઈ ચૌધરી | તપાસ કરનાર પોલીસ અધિકારી | ૧૧૧ |

ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૪૦ P1/PW1 |
| ૨. | સ્કુલ ના જનરલ રજીસ્ટરના પાના નં.૧૬૧ ના ઉતારાની નકલ તથા ફોરવર્ડીંગ લેટર | ૪૯ |
| ૩. | ભોગબનનારનું સારવાર સર્ટિફિકેટ | ૫૪ |
| ૪. | વટવા પોલીસ સ્ટેશન તરફથી મળેલ યાદી | ૫૫ |
| ૫. | આરોપી પપ્પુસીંગનું સારવાર સર્ટિફિકેટ | ૫૭ |

| | | |
|---|---|---|
| ૬. | આરોપી મિથીલેશનું સારવાર સર્ટિફિકેટ | ૫૮ |
| ૭. | આરોપી સંજયસીંગનું સારવાર સર્ટિફિકેટ | ૫૯ |
| ૮. | વટવા પોલીસ સ્ટેશનની યાદી | ૬૦ |
| ૯. | ભોગબનનારના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું | ૬૪ |
| ૧૦. | ગુનો જાહેર થયા અંગેનો ચાર્જ અમલદારનો રિપોર્ટ | ૧૧૨ |
| ૧૧. | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૧૩ |
| ૧૨. | આરોપી દિલીપસીંગ રામજસની શરીરસ્થિતિનું પંચનામું | ૧૧૪ |
| ૧૩. | આરોપી મિથીલેશની શરીરસ્થિતિનું પંચનામું | ૧૧૫ |
| ૧૪. | આરોપીના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું | ૧૧૬ |
| ૧૫. | કલમ ઉમેરાનો રિપોર્ટ | ૧૧૭ |
| ૧૬. | કલમ ઉમેરાનો રિપોર્ટ | ૧૧૮ |
| ૧૭. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળ્યા અંગેની પહોંચ | ૧૧૯ |
| ૧૮. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળ્યા અંગેની પહોંચ | ૧૨૦ |
| ૧૯. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યાની રવાનગી નોંધ | ૧૨૧ |
| ૨૦. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યાની રવાનગી નોંધ | ૧૨૨ |
| ૨૧. | એફ.એસ.એલ. નો અહેવાલ | ૧૨૩ |
| ૨૨. | એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ | ૧૨૪ |
| ૨૩. | એફ.એસ.એલ. નો અહેવાલ મોકલાવતો પત્ર | ૧૨૫ |
| ૨૪. | એફ.એસ.એલ. નો બાયોલોજી વિભાગનો અહેવાલ | ૧૨૬ |
| ૨૫. | એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ | ૧૨૭ |
| ૨૬. | ભોગબનનારના શાળા છોડયાના | ૧૨૮ |

| | | |
|---|---|---|
| | પ્રમાણપત્રની નકલ | |

## મુદ્દામાલની વિગત

મુદ્દામાલ પાવતી નં.૧૫૩/૨૦૧૦, તા.૧૧–૦૬–૨૦૧૦

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | એક મરૂન કલરનું પંજાબી ટોપ જેના ઉપર નાની ટીલીથી ભરતકામ કરેલ છે જે મેલા જેવું છે તે. |
| ૨. | ૨ | એક કાળા કલરની લેંઘી જે મેલા જેવી છે તે |
| ૩. | ૩ | એક સફેદ કલરની મેલા જેવી બ્રા છે તે |
| ૪. | ૪ | એક મરૂન કલરનો જાંગીયો છે તે |

મુદ્દામાલ પાવતી નં.૧૫૫/૨૦૧૦ તા.૧૧/૦૬/૨૦૧૦

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | એક કાચની શીશી જેની ઉપર ઈપીઆર નં.૨૨૬૩/૩/૧૦ મીના પૃથ્વીનાથ પાંડે લખેલ છે તે |
| ૨. | ૨ | એક કાચની શીશી જેમાં બ્લડ લખેલ છે તે |
| ૩. | ૩ | એક કાચની શીશી જેમાં વજાઈનલ સ્વોબ લખેલ છે તે |
| ૪. | ૪ | એક કાચની શીશી જેમાં પ્યુબીક હેર લખેલ છે તે |
| ૫. | ૫ | એક ખાખી કવર જેમાં વજાઈનલ સ્લાઈડ ૩ લખેલ છે તે |
| ૬. | ૬ | એક કાચની શીશી જેમાં યુરીથ્રલ સ્વોબ ૧ લખેલ છે તે |
| ૭. | ૭ | એક ખાખી કવર જેમાં યુરીથ્રલ સ્લાઈડ ૧ લખેલ છે તે |

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | A | એક સિવિલ હોસ્પિટલનું સીલબંધ પ્લાસ્ટીકનું કવર જેની એક બાજુ મોઠીયાના ભાગે સિવિલ હોસ્પિટલના Dr.H.P.C. C.M.O.C.H.A. ના હોદ્દાનું સીલ મારેલ છે. બીજી બાજુએ સાઈડ ઉપર ૯૬૬૧ અંગ્રેજીમાં સિવિલ |

| | | |
|---|---|---|
| | | હોસ્પિટલ, અમદાવાદ લખેલ છે અને તેની નીચે EPR No.433/1/19, DATE 18/1/19 નામ પપ્પુસીંગ રામાનંદ રાજપુત ઉં.વ.૪૦, વટવા પોલીસ સ્ટે. લખેલ છે જેની નીચે સેમ્પલલ (1)5CCBLOOD (2)SALIVA (3) PUBIC HAIR (4)GLANSH WASH લખેલ છે જે તમામ નમુનાઓની આગળ બ્લયુ પેનથી રાઈટની નિશાની કરેલ છે જેની નીચે ડો.શ્રી ની સહી કરેલ છે. જે સીલબંધ કવર કિ.રૂ ૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ છે જે સીલબંધ કરેલ છે. |
| ૨. | B | એક સિવિલ હોસ્પિટલનું સીલબંધ પ્લાસ્ટીકનું કવર જેની એક બાજુ મોઠીયાના ભાગે સિવિલ હોસ્પિટલના Dr.H.P.C. C.M.O.C.H.A. ના હોદ્દાનું સીલ મારેલ છે. બીજી બાજુએ સાઈડ ઉપર ૯૬૬૩ અંગ્રેજીમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ લખેલ છે અને તેની નીચે EPR No.435/1/19, DATE 18/1/19 નામ પપ્પુસીંગ રામાનંદ રાજપુત ઉં.વ.૪૦, વટવા પોલીસ સ્ટે. લખેલ છે જેની નીચે સેમ્પલલ (1)5CCBLOOD (2)SALIVA (3) PUBIC HAIR (4)GLANSH WASH લખેલ છે જે તમામ નમુનાઓની આગળ બ્લયુ પેનથી રાઈટની નિશાની કરેલ છે જેની નીચે ડો.શ્રી ની સહી કરેલ છે. જે સીલબંધ કવર કિ.રૂ ૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ છે જે સીલબંધ કરેલ છે. |
| ૩. | C | એક સિવિલ હોસ્પિટલનું સીલબંધ પ્લાસ્ટીકનું કવર જેની એક બાજુ મોઠીયાના ભાગે સિવિલ હોસ્પિટલના Dr.H.P.C. C.M.O.C.H.A. ના હોદ્દાનું સીલ મારેલ છે. બીજી બાજુએ સાઈડ ઉપર ૯૬૬૨ અંગ્રેજીમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ લખેલ છે અને તેની નીચે EPR No.434/1/19, DATE 18/1/19 નામ પપ્પુસીંગ રામાનંદ રાજપુત ઉં.વ.૪૦, વટવા પોલીસ સ્ટે. લખેલ છે જેની નીચે સેમ્પલલ (1)5CCBLOOD (2)SALIVA (3) PUBIC HAIR (4)GLANSH WASH લખેલ છે જે તમામ નમુનાઓની આગળ બ્લયુ પેનથી રાઈટની નિશાની કરેલ છે જેની નીચે ડો.શ્રી ની સહી કરેલ છે. જે સીલબંધ કવર કિ.રૂ ૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ છે જે સીલબંધ કરેલ છે. |

## **ચુકાદો**

૧) ઉપરોકત સેશન્સ કેસ નં.૨૧૩/૨૦૧૭, સેશન્સ કેસ નં.૨૫૮/૨૦૨૦ તથા સેશન્સ કેસ નં.૨૬૦/૨૦૨૦ એકજ ગુનાના કામે ઉપસ્થિત થયેલ હોઈ અને તેની વિષયવસ્તુ એક જ હોઈ ત્રણેય કેસોની ઈન્સાફી કાર્યવાહી એકસાથે ચલાવવામાં આવે તેવી ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી દ્ધારા આંક-૫ થી અરજી આપવામાં આવેલ. જે આંક-૫ ની અરજી ઉપર હુકમ થયા મુજબ મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા તે ત્રણેય કેસોના આરોપીઓનો આંક-૧૪ થી ભેગો ચાર્જફ્રેમ કરી એકજ કેસમાં પુરાવો રેકર્ડ કરેલ અને તે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૨) વટવા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૧૦૪/૨૦૧૦ ની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીઓશ્રી દ્ધારા ફોજદારી કાયરીતી સંહિતા ,૧૯૭૩ ની કલમ ૧૭૩(૨) અન્વયે આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ (જેને હવે પછી સરળતા ખાતર "કાયદા " તરીકે સંબોધવામાં આવશે.)ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) ના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.આક્ષેપીત ગુનાઓ સેશન્શ ટ્રાયેબલ હોવાથી, ક્રી.પ્રો.કોડ ની કલમ ૨૦૯ અનુસાર જે તે કેસ સેશન્સ અદાલતને કમીટ કરવામાં આવેલ.

૩) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકતએ પ્રમાણેની છે કે, ફરીયાદી ભોગબનનારે તા.૨૨-૦૫-૨૦૧૦ ના રોજ વટવા પોલીસ સ્ટેશનમાં એ મતલબની ફરીયાદ જાહેર કરેલ કે, આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરુ રચી નાસતા ફરતા આરોપી દિનેશ રાયમલ પાંડેએ તા.૦૬-૦૫-૨૦૧૦ ના રોજ કલાક ૧૮-૩૦ વાગ્યાના સુમારે ભોગબનનાર શ્રૃગાંરનો સામાન ખરીદવા જતા હતા, ત્યારે તેણીને રિક્ષામાં બેસાડી દિધેલ અને આરોપીઓ તે રિક્ષામાં બેસી જઈ, તેણીને સી.ટી.એમ. એક મકાનમાં લઈ ગયેલ અને આરોપી પપ્પુસીંગ તથા સંજયસીંગે ભોગબનનારે ગળામાં પહેરેલ સોનાની ચેન તથા કાનમાં પહેરવાની બાલી બળજબરીથી કાઢી લઈ, તેણીને જબરજસ્તીથી નશાયુકત ગોળીઓ ચાલુ રિક્ષામાં પીવડાવી બેભાન કરી નાખેલ. તે તા.૦૭-૦૫-૨૦૧૦ ના સવારે ભાનમાં આવેલ

ત્યારે આરોપી દિનેશભાઈ સિવાયના તમામ આરોપીઓ હાજર હતા અને આરોપીઓ તેણીને બસમાં સુરત અને ત્યાંથી વાપી લઈ જઈ રાત્રે આરોપી પપ્પુસીંગ તથા સંજયસીંગે વાપી ખાતે તેનાં સબંધીના ઘરે તણીને બળજબરીથી દારૂ પીવડાવી બેભાન કરી તેણી સાથે રાત્રે ખરાબ કામ કરેલ અને સવારે તે જગ્યાએ આરોપી મિથીલેશ, સુમનસીંગ અને દિલીપસીંગ પણ હાજર હતા અને બાદમાં તેણીને પોણા બારેક વાગે રિક્ષામાં બેસાડી એક મંદિરમાં લઈ જઈ આરોપી મિથીલશે તેણીને બળજબરીથી ચુડી, મંગળસુત્ર પહેરાવી લગ્ન કરેલાં અને આરોપી પપ્પુસીંગે ધાક–ધમકી આપેલ કે, તેના કહ્યાનું નહીં કરે તો તેણીના ભાઈઓને પતાવી દેવા દેશે.

૩.૧) ત્યારબાદ તપાસ દરમ્યાન ત.ક. અધિકારીશ્રી દ્વારા બનાવ સમયે ભોગબનનાર તથા આરોપીઓએ પહેરેલ કપડાઓ કબજે કરેલ. સાહેદોના નિવેદનો નોંધેલ, ભોગબનનાર તથા આરોપીઓને મેડીકલ ઓફીસર પાસે શારીરિક ચકાસણી કરાવી જરૂરી નમુનાઓ મેળવેલ તથા તે નમુનાઓ, કપડાઓ વિગેરે એફ.એસ.એલ.માં પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ. તપાસ દરમ્યાન આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કેસ નં.૩૧૦૪/૨૦૧૦, ૩૧૨૨/૨૦૧૦ થી નોંધવામાં આવેલ. વિધ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ, દ્વારા આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૦૭ અનુશાર પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, કલમ ૨૦૯ અનુસાર કેસો સેશન્સ અદાલતને કમીટ કરેલ, જે ઉપરોક્ત નંબર થી નોંધવામાં આવેલ.

૪) કેસો કમીટ થયા બાદ તથા કોન્સોલીડેટ કરવાનો હુકમ થયા બાદ આંક ૧૪ થી આરોપીઓ સામે કાયદાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના ગુનાનું તહોમતનામું મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા ફરમાવવામાં આવેલ તથા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષ દ્વારા ફોર્મ નાં.સી માં જણાવેલ વિગતે પુરાવો રજુ કરેલ.

૫) દરમ્યાનમાં સેશન્સ કેસ નં.૨૧૩/૨૦૧૭ ના આરોપી, સેશન્સ કેસ નં.૨૫૮/૨૦૨૦ ના આરોપી નં. ૧ તથા તથા સેશન્સ કેસ નં.૨૫૯/૨૦૨૦ ના આરોપી હાજર નહી રહેતા, તેઓ સામે પક્કડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ તથા જામીન નોટીશ પણ ઈસ્યુ કરવામાં આવેલ જે બજેલ નહી. ત્યારબાદ તે આરોપીઓ સામે ક્રી.પ્રો.કોડની કલમ ૮૨ ની કાર્યવાહી કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ પણ તે આરોપીઓ હાજર રહેલ નથી. ત્યારબાદ તે આરોપીઓ સામે ક્રી.પ્રો.કોડની કલમ ૨૯૯ પ્રમાણે આગળની કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. જ્યારે સે.કે. નાં. ૨૫૮/૨૦૨૦ ના આરોપી નાં.૨ તથા ૩ હાજર રહેલ હોવાથી તેઓ સામે કેસ આગળ ચલાવવામાં આવેલ.

૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" માં જણાવેલ વિગતે કુલ ૮ સાહેદોને તપાસેલ છે તથા ૨૬ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે અને આંક ૧૨૯ ની પુરસીસથી ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયેલ જાહેર કરેલ.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન</u>**

૭) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ હાજર રહેલ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. હાજર આરોપીઓએ પોતાના વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ અને તેઓ સાહેદ તપાસવા માંગતા ન હોવાનું તથા સોગંદ પર જુબાની આપવા ન માંગતા હોવાનું જણાવી, તેઓ નિર્દોષ હોવાનું તેમજ તેઓએ તેવો કોઈ ગુનો કરેલ ન હોવાનું જણાવેલ.

૮) આંક ૧૪ નું તહોમતનામું તથા ફરીયાદપક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દાઓ**

૧. શું ફરીયાદપક્ષ ધ્વારા વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ છે

કે, આરોપીઓએ કાવતરૂ રચી તા.૦૬.૦૫.૨૦૧૦ના રોજ ભોગબનારનું તેણીના વાલીના વાલીપણામાંથી અપહરણ કરેલ હતુ તથા આરોપીઓએ ભોગબનારનું અપહરણ તેણીની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવાના ઈરાદે કે સંભોગ કરવાના ઈરાદે કરેલ હતુ અને આરોપીઓ ભોગબનનારને સી.ટી.એમ. પાસે મકાનમાં લઇ ગયેલ જ્યાં આરોપી પપ્પુસીંગ તથા સંજયસીંગે ભોગબનનારે ગળામાં પહેરેલ સોનાની ચેન તથા કાનની બાલી, મોબાઇલ બળજબરીથી પડાવી લીધેલ તેમજ ભોગબનનારને રીક્ષામાં નશા યુકત ગોળીઓ ખવડાવેલ તથા ત્યારબાદ ભોગબનનારને વાપી લઇ જઇ બળજબરી થી દારૂ પીવડાવી, બેભાન કરી તેણી સાથે સામુહીક બળાત્કાર કરેલ અને ત્યારબાદ ભોગબનનારને આરોપી મિથીલેશે બળજબરીથી ચુડી, મંગળસુત્ર પહેરાવી લગ્ન કરેલ અને આરોપી પપ્પુસિંગે ભોગબનનાર તેના કહ્યા મુજબ ન કરે તો તેના ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને તેમ કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલ ?

૨. શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓના તારણો ત્યારબાદ તુરંત કરેલ ચર્ચા અનુસાર નીચે મુજબ છે.

૧ મુદ્દા નંબરઃ–૧
૨ મુદ્દા નંબરઃ–આખરી હુકમ મુજબ

## **કા ર ણો**

૯) મેં પક્ષકારોના વિ .વ.શ્રીની રજુઆતો સાંભળેલ છે તથા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો વંચાણે લીધેલ છે. તે ખરૂ છે કે, ક્રી.પ્રો.કોડની કલમ ૨૯૯ તળે નોંધવામાં આવેલ પુરાવાનો હેતુ તેવાં પુરાવાની ભવિષ્યમાં આરોપી મળી આવે તે સમયે ઉપયોગ કરવા માટે સાચવણી કરવાની હોય છે.પરંતુ હાલના કેસનો બનાવ સને ૨૦૧૦ ની સાલમાં બનેલ છે. સેશન્સ કેસો ૫ વર્ષ કરતાં વધારે સમયથી પેન્ડીંગ છે અને પુરતા પ્રયત્ન કરવા છતાં ભાગેડુ આરોપીઓ મળી આવેલ નથી. તે સંજોગોમાં જો તેવા આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર હોય તો સ્વાભાવિક છે કે, ક્રી.પ્રો.કોડની કલમ ૨૯૯ તળે રજૂ કરવામાં આવેલ પુરાવો પ્રિઝર્વ કરવો જોઈએ.પરંતુ જો તેવા આરોપીઓને જો ગુના સાથે સંડોવતો પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ ન રહે, તેવાં સંજોગોમાં તે આરોપીઓનો કેસ વધુ સમય માટે પેન્ડીંગ રાખવો ન્યાયોચિત કહી શકાય નહીં. તે સંજોગોમાં ફરીયાદપક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ પુરાવાથી તે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ છે કે નહીં, તેનો પણ નિર્ણય કરવાનો રહે તેવો નિર્ણય તથા હાજર આરોપીઓએ ત્હોમનામા અનુસારનો ગુનો કરેલ છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી જણાય છે. ફરીયાદપક્ષ દ્ધારા આ કામે નીચે મુજબની વિગતે મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો</u>**

૧૦) ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક ૩૯ થી ભોગબનનારને તપાસેલ છે. ભોગબનનારે સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૧૦ માં તે વટવા ખાતે રહેતા હતા. તે પોતાની બે ભાભી, બે ભાઈઓ તથા મા-બાપની સાથે રહેતા હતા. બનાવ વખતે તેણીની ઉંમર ૧૮ વર્ષથી ઉપરની હતી.બનાવ વખતે તેમના ભાઈના લગ્ન હતા. પરંતુ તે લગ્નમાં ગયેલ નહીં. તેણીના ભાઈના લગ્ન હોવાથી તે ખરીદી કરવા વટવાથી મણીનગર ખરીદી કરવા માટે એકલા ગયેલ. તે સિવાય ભોગબનનારે આંક P1/PW-1 મુજબની ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ. વધુમાં ભોગબનનારે ફરીયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી

બતાવી તે ફરીયાદ કે આંક ૪૦ P1/PW–1 થી રજૂ કરેલ. તે સિવાય ભોગબનનારે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નહી. વિ.એ.પી.પી.શ્રી દ્વારા ભોગબનનારને ફરી ગયેલ સાહેદ કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવાં સુચનાત્મક સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ ત્યારબાદ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા નહીં.

૧૧) ફરીયાદપક્ષના સાહેદ નં.૨ તરીકે આંક ૪૮ થી ભોગબનનારની શાળાના કલાર્ક પટેલ શૈલેષભાઈ કાનજીભાઈને તપાસેલ છે. સાહેદે પુરાવા દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તે ભોગબનનારની શાળામાં સને ૧૯૯૬ થી કલાર્ક તરીકે ફરજ પર હાજર થયેલ અને હાલમાં તે ઓફીસ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. ભોગબનનારે ધોરણ–૧ માં તા.૨૮.૮.૨૦૦૦ ના રોજ તે સ્કુલમાં એડમીશન લીધેલું. તેણીની જન્મ તારીખ ૧૫.૦૬.૧૯૯૫ તેઓના રજીસ્ટરમાં લખાવેલ હતી, ભોગબનનારના જી.આર.નંબર ૧૫૬૫/૨૦૦૦ છે. ભોગબનનાર ધોરણ ૩ માં સતત ગેરહાજર રહેવાથી તેનું નામ રજીસ્ટરેથી કમી કરેલ હતુ. સાહેદે ભોગબનનારની નોંધ સબંધે પોતાની શાળાના જનરલ રજીસ્ટરની ખરીનકલ પુરાવામાં આવેલ ૪૯ થી રજુ કરેલ.

૧૨) સાફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક ૩૯ થી ભોગબનનારને તપાસેલ છે. ભોગબનનારે સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૧૦ માં તે વટવા ખાતે રહેતા હતા. તે પોતાની બે ભાભી, બે ભાઈઓ તથા મા–બાપની સાથે રહેતા હતા. બનાવ વખતે તેણીની ઉંમર ૧૮ વર્ષથી ઉપરની હતી.બનાવ વખતે તેમના ભાઈના લગ્ન હતા. પરંતુ તે લગ્નમાં ગયેલ નહીં. તેણીના ભાઈના લગ્ન હોવાથી તે ખરીદી કરવા વટવાથી મણીનગર ખરીદી કરવા માટે એકલા ગયેલ. તે સિવાય ભોગબનનારે આંક P1/PW–1 મુજબની ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ. વધુમાં ભોગબનનારે ફરીયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવી તે ફરીયાદ કે આંક ૪૦ P1/PW–1 થી રજૂ કરેલ. તે સિવાય ભોગબનનારે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નહી. વિ.એ.પી.પી.શ્રી દ્વારા ભોગબનનારને ફરી ગયેલ સાહેદ કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવાં

સુચનાત્મક સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ ત્યારબાદ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા નહીં.હેદે ઉલટતપાસ દરમ્યાન મુખ્યત્વે સ્વીકાર કરેલ કે, જનરલ રજીસ્ટરમાં ભોગબનનાર ની જે એન્ટ્રી પાડવામાં આવેલી છે તે સને ૨૦૦૦ માં પાડવામાં આવેલ. જનરલ રજીસ્ટર પ્રિન્સીપાલ દ્વારા નિભાવવામાં આવે છે. જનરલ રજીસ્ટરનું લખાણ જે તે વખતે પ્રિન્સીપાલ દ્વારા લખવામાં આવેલું. એડમીશન વખતે જે ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવે તે પ્રિંન્સીપાલ ધ્વારા ખરાઈ કરવામાં આવે છે. રજીસ્ટરમાં ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર પ્રવેશ વખતે રજૂ થયેલ હોય તેવી નોંધ કરવામાં આવેલ નથી. કોઈ સંજોગોમાં જન્મનું પ્રમાણપત્ર ન હોય તો એફીડેવીટને આધારે વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ આપવામાં આવે. તેઓની શાળામાં ભોગબનનાર ને જે જન્મના પુરાવાના આધારે એડમીશન આપેલું તે તેમને મળશે તો તેઓ તે રજૂ કરશે. શાળામાં એડમીશન આપવામાં આવે ત્યારે જે દસ્તાવેજી પુરાવા રજૂ થાય તે શાળામાં રાખવામાં આવે છે.

૧૩) ફરીયાદપક્ષના સાહેદ નં.૩ તરીકે આંક ૫૩ થી ડો. રામલખન નુનમન બરનવાલ નાઓને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે,તે તા.૧૧.૦૬.૨૦૧૦ ના રોજ સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે કેઝયુલીટી મેડીકલ તરીકે બપોરે ૨ થી સાંજે ૮ સુધી ફરજ પર હતાં તે દરમ્યાન સીનીયર પો.ઈન્સ વટવા પો.સ્ટેશન અમદાવાદના યાદી સાથે મે.હેડ.કો.બ.નં ૮૪૨૩ વટવા પો.સ્ટેશન નાઓ ભોગબનનારને લઈને આવેલ. તેણીની શારીરિક તપાસણી માટે સંમતિ મેળવેલ, ભોગબનનાર ના શરીર ઉપરના ઓળખ ચિહ્નો નોંધેલ, ભોગબનનાર ને પુછતાં હિસ્ટ્રી લખાવેલ તે પ્રમાણે લખેલ. ભોગબનનારને તપાસ ફરજ ઉપરના સ્ત્રી નર્સની હાજરીમાં તેઓના દ્વારા કરવામાં આવેલું, ભોગબનનારને તપાસીને જે તારણો આવેલા તેમાં દર્દી સભાન અવસ્થામાં હતા અને સહકાર આપતા હતા અને સ્વસ્થ માનસિક સ્થિતિ હતી, તેણીના સેકન્ડરી સેક્સ કેરેકટર સુવિકસિત હતાં, તેના શરીર, કપડા કે બાહ્ય જનેન્દ્રી ઉપર કોઈ ઈજાના નિસાન ન હતા કે બીજા કોઈ ડાઘ ન હતા,

ભોગબનનાર ના શરીરમાંથી લોહી, લાળ, ગુપ્તભાગના વાળ, ત્રણ વજાઈનલ સ્વોબ, ત્રણ વજાઈનલ સ્લાઈડસ, એક યુરેથ્રલ સ્વોબ, એક યુરેથલ સ્લાઈડસ લેવામાં આવેલ અને લેબલીંગ કરવામાં આવેલ અને તેને અંગત સિલ વડે સિલ કરેલ અને જે સેમ્પલ તેઓએ વુ.પો.કો. બ.નં ૮૪૨૩ વટવાને એફ.એસ.એલ.માં મોકલવા માટે આપવામાં આવેલ.તેઓએ ભોગબનનારનું સારવાર સર્ટિફિકેટ આંક ૫૪ થી રજૂ કરેલ તથા વટવા પો.સ્ટેશનની યાદી આંક ૫૫ થી રજૂ કરેલ.

૧૪) ફરીયાદપક્ષના સાહેદ નં.૪ તરીકે આંક ૫૬ થી ડો.પુર્વી શીતલગીરી ગોસ્વામીને તપાસેલ છે. સાહેદે સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૮.૦૧.૨૦૧૯ ના મેડીકલ ઓફીસર તરીકે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ફરજ પર હતા, ત્યારે રાત્રીના ૦૮.૦૯ કલાકે વટવા પો.સ્ટેશનની સંયુક્ત યાદી સાથે હે.કો.બ.નં.૭૮૪૫ નાઓ પપ્પુસિંહ રામાનંદસિંહ રાજપુત, મિથિલેશ ઉર્ફે બલ્લુ ચૌહાણ અને સંજયસિંહ હિદયસિંહ રાજપુતનાઓને લાવેલા. જેઓની તેઓએ તપાસ કરેલી, તેઓની સંમતિ અને ઓળખના ચિહ્નો નોંધેલ અને આરોપીઓની જણાવેલ ઈતિહાસ તેઓના શબ્દોમાં નોંધી લીધેલ તથા તેઓનાં નમૂનામાં લાળ, લોહી, ગુપ્તભાગના વાળ અને ગ્લાન્સ વોશ તથા વિર્ય મેળવેલ અને તેને લેબલ કરી તેઓના અંગત સિલ વડે સિલ કરી ફોરવર્ડીંગ લેટર સાથે પોલીસને સુપરત કરેલાં.તેઓએ આરોપીઓને તપાસ્યા બદલના સર્ટીફીકેટ આંક ૫૭ થી ૫૯ તથા પોલીસ યાદી આંક ૬૦ થી રજુ કરેલ.

૧૫) ફરીયાદપક્ષના સાહેદ નં.૫ તરીકે આંક ૬૩ થી શેખ અકબરહુસેન અલ્તાફહુસેન નાઓને તપાસેલ છે. સાહેદે તેની સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, ભોગબનનારના મેડીકલ નમુના કબજે કર્યાનું પંચનામું કે જે આંક ૬૪ થી રજૂ છે જેમાં તેઓની પંચ નં.૨ તરીકે સહી છે. તે સિવાય સાહેદે આંક ૬૪ ના પંચનામાને સમર્થન આપેલ નહી.

૧૬) ફરીયાદપક્ષના સાહેદ નં.૬ તરીકે આંક ૧૦૮ થી ભોગબનનારના પિતાને તપાસેલ છે. સાહેદે સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૧૦ માં તેઓ રાજીવનગર, વટવા, અમદાવાદ ખાતે તેમના પરિવાર

સાથે રહેતાં હતાં. તેઓ શાકભાજીની લારી ચલાવી વેપાર ધંધો કરતાં હતાં. તેઓને સંતાનમાં ચાર છોકરા તથા બે છોકરી છે.બનાવની તારીખ યાદ નથી પરંતુ ૧૪–૧૫ વર્ષ પહેલાં બનાવ બનેલો. તેમને તારીખ યાદ નથી પરંતુ ભોગબનનાર ઘરની બહાર માર્કેટ જવા નીકળેલી અને થોડા સમય પછી તેની જાતે ઘરે આવી ગયેલી. તેઓની દીકરી ખરીદી કરવા ગયેલ હોય અને તેની સાથે કંઈ બનાવ બનેલ હોય અને તેણે તેમને બનાવ વિશે કહેતા તેઓને પણ આરોપીઓ સાથે કોઈ માથાકુટ થયેલ હોય તેવું બનેલ ન હતુ. આરોપીઓ દ્વારા તેઓની ભોગબનનાર દીકરી સાથે કોઈ અણબનાવ બનેલ હોય અને તેવી હકીકત તેમણે પોલીસને લખાવેલ હોય તેવું બનેલ ન હતુ. સાહેદને તા.૨૨.૦૫.૨૦૧૦, તા.૧૧.૦૬.૨૦૧૦ અને તા.૧૨.૦૬.૨૦૧૦ વાળા વટવા પોલીસ સ્ટેશન ખાતેના તેઓના જવાબો હિન્દીમાં વાંચી સંભળાવતા તેઓ જણાવે છે કે એવાં કોઈ જવાબ તેઓએ લખાવેલા નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. આમ, ભોગબનનારના પિતાએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

૧૬.૧) સાહેદે તેઓની ઉલટતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીઓએ ભોગબનનારને લગ્નની લાલચ આપી અપહરણ કરેલ હોય કે તેની સાથે તેની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય તેવું બનેલ ન હતું કે તેવું તેને ભોગબનનારે જણાવેલ ન હતું.

૧૭) ફરીયાદપક્ષના સાહેદ નં.૭ તરીકે આંક ૧૦૯ થી ભોગબનનારના ભાભીને તપાસેલ છે. સાહેદે તેની સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, સને ૨૦૧૦ ની સાલમાં તેઓ વટવા ખાતે તેનાં પરિવાર સાથે રહેતી હતી. ભોગબનનાર તેઓની નાની નણંદ થાય છે. બનાવ વિશે તે કશું જાણતી નથી. ભોગબનનારની બનાવ વખતે ઉંમર કેટલી હતી તે તેઓ કહી શકે નહીં. તે આરોપીઓને ઓળખતી નથી. ભોગબનનાર સાથે આરોપીઓ દ્વારા કોઈ બનાવ બનેલ હોય અને તેમને તેણીએ બનાવ વિશે કોઈ હકીકત જણાવેલ હોય અને તેઓએ પોલીસને તે નિવેદનમાં લખાવેલ હોય તેવું બનેલ નથી. બનાવની ફરીયાદ કોણે અને શું કામ આપેલી તે પણ તેણીને

ખબર નથી. આમ, ભોગબનનારના ભાભીએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

૧૭.૧) સાહેદે ઉલટતપાસ દરમ્યાન મુખ્યત્વે સ્વીકાર કરેલ કે, આરોપીઓએ ભોગબનનારને લગ્નની લાલચ આપી અપહરણ કરેલ હોય કે તેની સાથે તેની મરજી વિરુધ્ધ શરીરસબંધ બાંધેલ હોય તેવું બનેલ ન હતું કે તેવું તેણીને ભોગબનનારે જણાવેલ ન હતું.

૧૮) ફરીયાદપક્ષના સાહેદ નં.૮ તરીકે આંક ૧૧૧ થી ત.ક.અધિકારી બળદેવભાઈ લવજીભાઈ ચૌધરીને તપાસેલ છે. સાહેદે સરતપાસ દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તા. ૨૨/૦૫/૨૦૧૦ ના રોજ તેઓ વટવા પો.સ્ટે.માં સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે સે.ગુ.નં. ૩૧૦૪/૨૦૧૦ ના ગુન્હાની એફ.આઈ.આર હે.કો. રૂબરૂ લીધેલ અને પી.એસ.ઓ. તરફથી દાખલ થઈ તપાસ તેઓને સોંપતા તપાસ તેઓએ જાતે સંભાળી લીધેલી. તે ફરીયાદ આંક ૪૦ થી તથા ચાર્જ અમલદારનો રિપોર્ટ આંક ૧૧૨ છે. તા.૧૧.૦૬.૨૦૧૦ ના રોજ ભોગબનનારે તપાસ દરમ્યાન કપડા આંક ૧૧૩ વાળા પંચનામાથી રજુ કરેલ. ભોગબનનારના સારવારના નમુના કબજે કર્યાનું પંચનામું આંક ૬૪ થી, આરોપી દિલીપસીંહ રામજસનું શરીરસ્થિતિનું પંચનામું આંક ૧૧૪ થી, આરોપી મિથીલેશ ઉર્ફે બબલુનું શરીરસ્થિતિનું પંચનામું આંક ૧૧૫ થી, આરોપીના સારવારના નમુના કબજે કર્યાનું પંચનામું આંક ૧૧૬ થી, આરોપી વિરુધ્ધ કલમ ઉમેરવાનો રિપોર્ટ અનુક્રમે આંક ૧૧૭ તથા ૧૧૮ થી, એફ.એસ.એલ.ની પહોંચ આંક ૧૧૯ તથા આંક ૧૨૦ થી, મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યા અંગેની રવાનગી નોંધ આંક અનુક્રમે આંક ૧૨૧ તથા ૧૨૨ થી, એફ.એસ.એલ. નો અહેવાલ આંક ૧૨૩ થી, સીરોલોજી વિભાગનો અહેવાલ આંક ૧૨૪ થી, એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ લેટર આંક ૧૨૫ થી, એફ.એસ.એલ. બાયોલોજી વિભાગનો અહેવાલ આંક ૧૨૬ થી, સીરોલોજી વિભાગનો અહેવાલ આંક ૧૨૭ થી, ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્ર આંક ૧૨૮ થી પુરાવામાં રજુ કરેલ તથા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા આરોપીઓ

સામે ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ.આરોપી પપ્પુસિંહ રાજપુત મળી આવતા તેની સામેનું ચાર્જશીટ પી.એસ.આઈ. જે.વાય.ચૌહાણે કરેલ. આરોપી દિલિપ મળી આવતા તેની સામેનું ચાર્જશીટ પી.આઈ. એ.બી.ભટ્ટે કરેલ.તેઓએ ભોગબનનારનું તથા અન્ય સાહેદોના નિવેદનો નોંધેલા, જેમા તેઓએ તેની સમક્ષ બનાવને અનુરુપ હકીકતો જણાવેલ હતી.

**મુદ્દા નં.૧ ની ચર્ચા:-**

૧૯) સૌ પ્રથમ ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત અને પાયાના સિધ્ધાંતો જોઇએ તો દરેક ફોજદારી ટ્રાયલ આરોપી નિર્દોષ છે, તેવાં અનુમાન સાથે શરૂ થાય છે, જ્યાં સુધી ફરીયાદપક્ષ તેવું પુરવાર કરવામાં સફળ રહે નહીં કે આરોપી દોષીત છે. સામાન્ય રીતે ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર હોય છે .

૨૦) ઠરાવેલ કાયદાકીય પરિસ્થિતિ અનુસાર બળાત્કારના ગુનામાં ભોગબનનારની જુબાનીનું મહત્વ ઈજા પામનાર સાહેદ કરતાં પણ વધારે માનવામાં આવે છે. જો ભોગબનનારની જુબાની અદાલતને વિશ્વસનીય જણાય તો ભોગબનનારની જુબાનીને અન્ય સમર્થનકારી પુરાવાની આવશ્યકતા રહેતી નથી અને એકમાત્ર ભોગબનનારના પુરાવા પર આધાર રાખી આરોપીને દોષીત ઠેરવી શકાય. ભોગબનનારની જુબાની દરમ્યાન પુરાવામાં આવેલ ક્ષુલ્લુક બાબતનો વિરોધાભાસ, અતિશયોકિતભર્યા કથનો કે ખામીઓ ભોગબનનારના પુરાવાને નિર્બળ કે અવિશ્વસનીય બનાવતા નથી તથા ભોગબનનારના પુરાવામાં કોઇ મૂળભુત રીતે નબળાઇ ન હોય તો, તે બનાવ સિવાય અન્ય કોઇ સંભાવનાનું પરીબળ પણ ભોગબનનારના પુરાવાને અવિશ્વસનીય બનાવતું નથી તેવી ઠરાવેલી કાયદાકીય પરિસ્થિતિ નજર રાખી હાલના કિસ્સામાં ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે . તે કાયદાકીય પરિસ્થિતિ નજર સમક્ષ રાખી હાલના કેસની ચર્ચા કરીશું.

૨૧) હાલના કિસ્સામાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૬૩ અનુસારનો ગુનો કરેલ હોવાનું ત્હોમતનામું ઘડવામાં આવેલ છે,તે કલમ ધ્યાને લેતાં, તે મુજબનો ગુનો પુરવાર કરવા

ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે સગીરનું અપહરણ કરવામાં આવેલ, જો સગીર સ્ત્રી હોય તો તેણીની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હતી, ભોગબનનાર સગીરને આરોપીઓ દ્ધારા તેઓના કાનૂની વાલીપણામાંથી લઇ ગયેલ કે લલચાવીને લઇ ગયેલ તથા તેવું કૃત્ય આરોપીઓએ સગીરના વાલીની સંમતિ વિના કરેલ.

૨૧.૧) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૬૬ ગુનો કરેલ હોવાનું ત્હોમતનામું પણ ઘડવામાં આવેલ છે. કલમ ૩૬૬ ધ્યાને લેતાં, તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે, આરોપીએ અપહરણ અથવા અપનયન કરેલ, તે અપહરણ અથવા અપનયનનો ભોગબનનાર સ્ત્રી હતી, ભોગબનનાર સ્ત્રીને તેણીની ઈચ્છા વિરૂધ્ધ લગ્ન કરવાના ઈરાદાથી અથવા લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવા કે તેમ કરવા ફોસલાવવાના ઈરાદાથી આરોપીએ અપહરણ કે અપનયન કરેલ હતું તથા ઈરાદા મુજબ થવા પામશે તેવી સંભાવનાની આરોપીને જાણકારી હતી.

૨૧.૨) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૭૬(૨)(જ) મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે, આરોપીઓએ સ્ત્રી સાથે સામુહીક શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ હતો, તે મુજબનો શારીરીક સબંધ બળાત્કાર આરોપીઓએ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૭૫ માં દર્શાવેલ છ પૈકી કોઇ એક કે વધારે સંજોગોમાં કર્યો હતો.

૨૧.૩) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૪૩ મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે,આરોપીઓએ ભોગબનનારને ત્રણ થી વધુ દિવસ સુધી સદોષ અટકાયતમાં રાખેલ હતા.

૨૧.૪) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૮૪ મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે, આરોપીઓએ ભોગબનનાર પાસેથી બળજબરીથી ચેક અને બાલી, મોબાઇલ પડાવી લીધેલ હતા.

૨૧.૫) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૨૮ મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ કે, આરોપીઓએ ભોગબનનારને વ્યથા પહોચાડવાના ઈરાદે નશાકારક પદાર્થનું સેવકન કરાવેલ હતુ.

૨૧.૬) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૨૯૪(ખ) મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ કે,આરોપીઓએ જાહેર સ્થળે અશ્લીલ કૃત્ય કરેલ હતુ કે અશ્લીલ શબ્દો ઉચ્ચારેલ હતા.

૨૧.૭) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૫૦૬(૨) મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ કે, આરોપીઓએ ગુનાઈત ધમકી આપેલ હતી.

૨૧.૮) આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૧૨૦(બી) મુજબનું પણ ત્હોમતનામું ઘડવામાં આવેલ છે. તે મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ કે, આરોપીઓએ ગુના કરવા માટે કાવતરૂ રચીને ગુનો કરેલ હતો.

૨૨) ફરીયાદપક્ષના કેસ અનુસાર આરોપીઓએ ભોગબનનારનું લગ્નની લાલચ આપી, અપહરણ કરી, તેણીના દાગીના તથા મોબાઈલ ફોન બળજબરી થી પડાવી લઈ, નશાકારક પદાર્થ ભોગબનનારને ખવડાવેલ – પીવડાવેલ હતો, ભોગબનનાર સાથે સામુહીક બળાત્કાર કરેલ હતો, ભોગબનનારને ગુનાઈત ધમકી આપેલ હતી, ભોગબનનારને સદોષ અટકાયતમાં રાખેલ હતા, ભોગબનનારને જાહેરમાં ગાળો આપેલ હતી તે અંગેનો શ્રેષ્ઠ પુરાવો ભોગબનનાર સિવાય અન્ય કોઈ આપી શકે નહીં. તે સંજોગોમાં ભોગબનનારની જુબાની મહત્વની બની જાય છે. ભોગબનનારના આંક ૩૯ ના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેણીએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી તથા આરોપીઓએ ત્હોમતનામા અનુસારના કોઈ કૃત્યો કરેલ ન હતા. આમ, ખુદ ભોગબનનારે બનાવ સમયે આરોપીઓએ તેણીનું અપહરણ કરેલ હોવા અંગે,

ભોગબનનારની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવાના ઈરાદાથી અથવા લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવા કે તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી આરોપીઓએ તેણીનું અપહરણ કરેલ હોવા અંગે, આરોપીઓએ તેણીને સદોષ અવરોધ કરેલ હોવા અંગે, આરોપીઓએ તેણીના દાગીના તથા મોબાઇલ ફોન બળજબરી થી પડાવી લીધા અંગે, આરોપીઓએ તેણીને નશાકારક પદાર્થ ખવડાવેલ – પીવડાવેલ હોવા અંગે, આરોપીઓએ તેણી સાથે સામુહીક બળાત્કાર કરેલ હોવા અંગે, આરોપીઓએ તેણીને ગુનાઇત ધમકી આપેલ હોવા અંગે, આરોપીઓએ તેણીને જાહેરમાં ગાળો આપેલ હોવા અંગેની કોઇ હકીકત પોતાના પુરાવામાં જણાવેલ નથી.વધુમાં ભોગબનારના પિતા તથા ભાભીએ પણ ભોગબનનાર સાથે ફરીયદ અનુસારનો બનાવ બનેલ હોવા અંગેની કોઇ હકીકત જણાવેલ નથી.તે સંજોગોમાં ભોગબનનાર તથા તે સાહેદોના પુરાવા આધારે આરોપીઓને ગુનાઓ સાથે સાંકળી શકાય તેમ નથી.

૨૩) આમ, ફરીયાદપક્ષ દ્ધારા એવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જે પરથી હાજર તેમજ ગેરહાજર આરોપીઓએ ત્હોમતનામા અનુસારના ગુન્હાઓ કરેલ હોવાનું પુરવાર થયેલ માની શકાય. આમ, ફરીયાદપક્ષે હાજર આરોપીઓએ કે નાશતા ફરતા આરોપીઓએ ત્હોમતનામા અનુસારનો ગુનો કરેલ હોવાનું રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી.તે સંજોગોમાં અગાઉ નોંધ્યું તેમ હાલનો કેસ ૫ વર્ષ કરતાં વધારે સમયથી પેન્ડીંગ છે તથા પુરતા પ્રયત્ન કરવા છતાં નાશતા ફરત આરોપીઓ મળી આવેલ નથી. જો તેવા નાશતા ફરતા આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ હોય તો નિશ્ચિત રીતે ક્રી.પ્રો.કોડની કલમ ૨૯૯ તળે તેવા આરોપીઓ સામે રજુ થયેલ પુરાવાની જાળવણી અને સાચવણી કરવી જોઇએ પરંતુ હાલના કિસ્સામાં ખુદ ભોગબનનાર દ્ધારા આરોપીઓ સામે કોઇ આક્ષેપો કરેલ નથી.તે સંજોગોમાં હાલનો કેસ વધુ સમય માટે પેન્ડીંગ રાખવો ન્યાયોચિત જણાતો નથી. તે કારણોસર મુદ્ધા નં.૧ નો નિર્ણય નકારાત્મક આપવામાં આવેલ છે તથા મુદ્ધા નં.૨ અનુસંધાને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧) સેશન્સ કેસ નાં.૨૧૩/૨૦૧૭ ના આરોપી સુમનકુમારસિંહ પંકજપ્રસાદસિંહ ચૌહાણ (રાજપુત)ને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના ગુનાઓ સબબ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૩૨ અનુસાર નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

૨) સેશન્સ કેસ નાં.૨૫૮/૨૦૨૦ ના આરોપીઓ ૧) ૧.પપ્પુસીંગ રામાનંદસીંગ રાજપુત, ૨) મિથીલેશ ઉર્ફે બુલ્લુ બાસ્કીસીંગ ચૌહાણ તથા ૩) સંજયસીંગ હિદયસીંગ રાજપુતને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના ગુનાઓ સબબ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૩૨ અનુસાર નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

૩) સેશન્સ કેસ નાં.૨૫૯/૨૦૨૦ ના આરોપીદિલીપ રામજશ પાશીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જ), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના ગુનાઓ સબબ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૩૨ અનુસાર નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

૪) તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૫) હાજર આરોપીઓ જામીન મુક્ત હોવાથી તેઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ ૪૩૭ (એ) અનુસાર રૂપીયા ૧૫૦૦૦/-ના જામીન તથા જાત જામીન દિન ૭માં રજુ કરવા.

૬) હાલના ચુકાદાની એક એક નકલ સે.કે.નાં.૨૫૮/૨૦૨૦ તથા સે.કે.નાં.૨૫૯/૨૦૨૦ ની ફાઇલમાં રાખવી.

આજ તારીખ ૨૮ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૮.૦૨.૨૦૨૫

(દિગંત એ.વોરા)
અધિક સત્ર ન્યાયાધીશ,અદાલત નં.૪,
સીટી સેશન્સ કોર્ટ,અમદાવાદ
(જીજે૦૦૬૨૫)